RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 18
Issue : 136
Dt.: 26-01-2026,
Monday
Page : 04
Rs.00.50 paisa



# પીએમ મોદીની 'મન કી બાત'નો ૧૩૦મો એપિસોડ, યુવા મતદાતાઓ, સ્ટાર્ટઅપ્સ અને સંસ્કૃતિ પર ભાર




### પટના હાઈકોર્ટના નિર્ણયને પડકારતા, સુપ્રીમ કોર્ટે આ કેસમાં FIR અને ચાર્જશીટમાં જાતિ આધારિત અપમાનનો અભાવ હોવા પર ભાર મૂક્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પીએમ મોદી આજે ''મન કી બાત'' ના ૧૩૦મા એપિસોડ દ્વારા લોકો સાથે વાતચીત કરી રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે આ વર્ષ ૨૦૨૬નો પહેલો ''મન કી બાત''કાર્યક્રમ છે. આજે આપણે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરીશું. આ એક મહત્વપૂર્ણ દિવસ પણ છે. આજે આપણે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરી રહ્યા છીએ. સામાન્ય રીતે, જ્યારે કોઈ ૧૮ વર્ષનો થાય છે, ત્યારે તે મતદાતા બને છે. આને જીવનમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન માનવામાં આવે છે, તેથી દેશ મતદાતાત્વની ઉજવણી કરે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે.જ્યારે કોઈ યુવાન પહેલીવાર મતદાતા બને છે, ત્યારે તેમને અભિનંદન આપવા અને મીઠાઈઓ વહેંચવા માટે એકઠા થાઓ; આ જાગૃતિ વધશે. આનાથી મતદાતા બનવું કેટલું મહત્વપૂર્ણ છે તેની લાગણી પણ મજબૂત થશે. હું યુવા મિત્રોને ૧૮ વર્ષનો થતાં મતદાતા તરીકે નોંધણી કરાવવા વિનંતી કરું છું. આજકાલ, સોશિયલ મીડિયાનો એક ટ્રેન્ડ ચાલી રહ્યો છે જેમાં લોકો ૨૦૧૬ ની યાદો તાજી કરી રહ્યા છે. ''મન કી બાત''માં PM એ કહ્યું દસ વર્ષ પહેલા, જાન્યુઆરી ૨૦૧૬ માં, અમે એક યાત્રા શરૂ કરી હતી. અમને સમજાયું કે ભલે આ નાનું હોય, પણ તે દેશ માટે મહત્વપૂર્ણ છે. હું જે યાત્રા વિશે વાત કરી રહ્યો છું તે સ્ટાર્ટઅપ ઈન્ડિયાની યાત્રા છે. આ યાત્રાના હીરો આપણા યુવા સાથીઓ છે. આ યુવાનો દ્વારા કરવામાં આવેલી નવીનતાઓ ઈતિહાસમાં અંકિત થઈ રહી છે. આજે, ભારતનું સ્ટાર્ટઅપ વિશ્વનું ત્રીજું સૌથી મોટું બની રહ્યું છે. આજે, તેઓ એવી વસ્તુઓ કરી રહ્યા છે જે દસ વર્ષ પહેલાં અકલ્પનીય હતી. હું સ્ટાર્ટઅપ્સ સાથે સંકળાયેલા મારા બધા યુવા સાથીઓને સલામ કરું છું. હું એક વિનંતી પણ કરવા માંગુ છું: ભારતનું અર્થતંત્ર ઝડપથી વિકસી રહ્યું છે. આવી સ્થિતિમાં, આપણા બધા પર એક મોટી જવાબદારી છે. આ જવાબદારી ગુણવત્તા પર ભાર મૂકવાની છે. આ વર્ષે, ચાલો આપણી બધી શક્તિથી ગુણવત્તાને પ્રાથમિકતા આપીએ. ગઈકાલ કરતાં આજે વધુ સારી ગુણવત્તા. ભારતીય ઉત્પાદનોને ઉચ્ચ ગુણવત્તાવાળા બનવા દો.

''મન કી બાત'' મા PM મોદીએ કહ્યું આપણા દેશના લોકો ખૂબ જ નવીન છે. સમસ્યાઓના ઉકેલ શોધવા આપણા સ્વભાવમાં છે. આવી જ એક પહેલ ઉત્તર પ્રદેશના આઝમગઢથી ઉભરી આવી. લોકોએ આ વિસ્તારમાં વહેતી તમસા નદીને નવું જીવન આપ્યું છે. અયોધ્યામાં ઉદ્ભવતી અને ગંગામાં ભળી જતી આ નદી, એક સમયે અહીંના લોકો માટે જીવનનું કેન્દ્ર હતી. જોકે, પ્રદૂષણે તેના અવિરત પ્રવાહને અવરોધ્યો હતો. અહીંના લોકોએ તેને પુનર્જીવિત કરવા માટે એક ઝુંબેશ શરૂ કરી. તેમણે નદીને સાફ કરી, તેના કિનારે વૃક્ષો વાવ્યા, અને બધાના પ્રયાસોથી નદીને પુનર્જીવિત કરવામાં આવી. આવી જ પરિસ્થિતિ આંધ્રપ્રદેશના અનંતપુરમાં જોવા મળી. તે લાંબા સમયથી સૂકી હતી. ઘણા વિસ્તારોમાં લાંબા સમયથી વરસાદનો અભાવ હતો. આ સમસ્યાને ઉકેલવા માટે, સ્થાનિક લોકોએ જળાશયો સાફ કરવાનો સંકલ્પ કર્યો. અહીં અનંત નીરુ સંકલ્પ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો, જેનાથી લગભગ ૧૦ જળાશયો પુનર્જીવિત થયા. હવે, જળ સંરક્ષણની સાથે, અનંતપુરમાં હરિયાળીનું આવરણ પણ વધ્યું છે. સમગ્ર ઈકોસિસ્ટમ ખીલી ઉઠી છે. ભલે તે આઝમગઢ હોય કે અનંતપુર, લોકોને એકતા અને પ્રતિજ્ઞા લેતા જોવાનું આનંદદાયક છે. આ આપણા દેશની સૌથી મોટી તાકાત છે.

ભજન અને કીર્તન આપણી સંસ્કૃતિની તાકાત રહી છે. આજની પેઢી પણ નોંધપાત્ર બાબતો પ્રાપ્ત કરી રહી છે. યુવાનોએ તેમના અનુભવો અને જીવનશૈલીમાં ભક્તિનો સમાવેશ કર્યો છે. તમે કદાચ યુવાનોના ભેગા થવાના, સંગીત વગાડવાના અને વાતાવરણને કોઈ સંગીત સમારોહથી ઓછું ન હોવા છતાં, પરંતુ સંપૂર્ણ ભક્તિ સાથે ભજન ગવાતા વીડિયો જોયા હશે. આને ભજન ક્લબિંગ કહેવામાં આવે છે. ઝેન-જીમાં તે ખાસ લોકપ્રિય બની રહ્યું છે. તે જોઈને આનંદ થાય છે. ''મન કી બાત''મા PMએ કહ્યું ભક્તિને હળવાશથી લેવામાં આવતી નથી. સ્ટેજ આધુનિક હોઈ શકે છે, પરંતુ મૂળ ભાવના એ જ રહે છે. ત્યાં આધ્યાત્મિકતાનો સતત પ્રવાહ અનુભવાય છે. આજે, આપણી સંસ્કૃતિ અને તહેવારો વિશ્વભરમાં પોતાની છાપ છોડી રહ્યા છે. મલેશિયામાં આપણો ભારતીય સમુદાય પ્રશંસનીય કાર્ય કરી રહ્યો છે. મલેશિયામાં ૫૦૦ થી વધુ તમિલ શાળાઓ છે, જે તમિલ ઉપરાંત અન્ય ભાષાઓ શીખવે છે.

# સરકાર વિરુદ્ધ ચુકાદો આપો તો સજા તરીકે બદલી કરી દેવાય? : સુપ્રીમ કોર્ટના જજની આકરી ટિપ્પણી

**કોઈ જજને માત્ર એટલા માટે બદલી દેવા કે તેણે સરકાર વિરુદ્ધ કોઈ અસુવિધાજનક આદેશ આપ્યો હોય, તે ન્યાયતંત્રની ગરિમાને ઠેસ પહોંચાડે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ ઉજ્જ્વલ ભુઈયાએ ન્યાયતંત્રની આંતરિક કામગીરી અને જજોની બદલીની પ્રક્રિયા(કોલેજિયમ સિસ્ટમ) પર ગંભીર સવાલો ઉઠાવીને કાયદાકીય જગતમાં ખળભળાટ મચાવી દીધો છે. પુણેની આઈ.એલ.એસ. લો કોલેજમાં વ્યાખ્યાન દરમિયાન તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, 'ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે સૌથી મોટું જોખમ હવે બહારથી નહીં પણ અંદરથી જ પેદા થઈ રહ્યું છે.'

તેમણે મધ્યપ્રદેશ હાઈકોર્ટના જસ્ટિસ અતુલ શ્રીધરનના કિસ્સાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, 'કોઈ જજને માત્ર એટલા માટે બદલી દેવા કે તેણે સરકાર વિરુદ્ધ કોઈ અસુવિધાજનક આદેશ આપ્યો હોય, તે ન્યાયતંત્રની ગરિમાને ઠેસ પહોંચાડે છે.'

જસ્ટિસ ભુઈયાએ એ વાત પર દુઃખ વ્યક્ત કર્યું કે, જસ્ટિસ શ્રીધરનની બદલીમાં કેન્દ્ર સરકારના સૂચન મુજબ ફેરફાર કરવામાં આવ્યા હતા. પહેલા તેમને છત્તીસગઢ મોકલવાની ભલામણ હતી, પરંતુ બાદમાં સરકારના કહેવા પર તેમને અલ્લાહાબાદ હાઈકોર્ટ મોકલી દેવાયા. જસ્ટિસ ભુઈયાએ સવાલ કર્યો કે જ્યારે કોલેજિયમ પોતે જ સ્વીકારે છે કે સરકારના કહેવાથી નિર્ણય બદલાયો છે, ત્યારે ન્યાયતંત્રની સ્વતંત્રતા પર શંકા જાય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે જજોની બદલીમાં સરકારની કોઈ ભૂમિકા હોવી જોઈએ નહીં; આ સંપૂર્ણપણે ન્યાયતંત્રનું કામ છે. જસ્ટિસ ઉજ્જ્વલ ભુઈયાએ આ વિવાદના મૂળમાં રહેલી ઘટનાનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, મે મહિનામાં જસ્ટિસ અતુલ શ્રીધરનની બેન્ચે ભાજપના એક મંત્રી દ્વારા કરવામાં આવેલી વાંધાજનક ટિપ્પણી બદલ કડક વલણ અપનાવ્યું હતું. આ ન્યાયિક કાર્યવાહીના ટૂંકા સમયગાળામાં જ તેમની બદલી કરવામાં આવતા કાયદાકીય નિષ્ણાતો તેને સરકારની નારાજગીના પરિણામ અથવા એક પ્રકારની 'સજા' તરીકે જોઈ રહ્યા છે. આ કિસ્સો ન્યાયતંત્રમાં કાર્યપાલિકાના વધતા હસ્તક્ષેપ તરફ આંગળી ચીંધે છે. તેમણે વધુમાં ચેતવણી આપી હતી કે, જો દેશમાં સરકારના ઈશારે જજોની બદલીઓ થવા લાગશે, તો તે ન્યાયતંત્રની સ્વાયત્તતા અને આઝાદી સામે સૌથી મોટું જોખમ સાબિત થશે. ન્યાયતંત્રની સ્વતંત્રતા સાથે આવું સમાધાન લોકશાહીના મૂળભૂત માળખાને નબળું પાડી શકે છે. જસ્ટિસ ભુઈયાના મતે, જ્યારે ન્યાયિક નિર્ણયોને આધારે બદલીઓ થાય છે, ત્યારે તે માત્ર એક જજની કારકિર્દીને જ નહીં, પરંતુ સમગ્ર ન્યાય પ્રણાલીની વિશ્વસનીયતાને પણ નુકસાન પહોંચાડે છે.ન્યાયતંત્રના પાયા વિશે વાત કરતા તેમણે કહ્યું કે અદાલતો પાસે ન તો પૈસા છે અને ન તો શારીરિક તાકાત; તેમની પાસે માત્ર લોકોનો અતૂટ ભરોસો છે. જો આ ભરોસો તૂટી જશે તો લોકશાહીમાં કંઈ જ બચશે નહીં. તેમણે જજોને બંધારણીય નૈતિકતાનું પાલન કરવા અને કોઈપણ ડર કે પક્ષપાત વગર કામ કરવાની સલાહ આપી છે. જસ્ટિસ ભુઈયાએ સ્વીકાર્યું કે કોલેજિયમ સિસ્ટમમાં સુધારાની જરૂર હોઈ શકે છે, પરંતુ તેની ઈમાનદારી અને સ્વતંત્રતાને દરેક ભોગે બચાવવી અનિવાર્ય છે.

# દિલ્હીમાં વાયુ પ્રદૂષણ મુદ્દે રાહુલ ગાંધી ચિંતિત થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં વાયુ પ્રદૂષણના ગંભીર મુદ્દે ફરી એકવાર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે રવિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું છે કે, 'આ પ્રદૂષણની આપણે ભારે કિંમત ચૂકવી રહ્યા છીએ, જેની અસર આપણા સ્વાસ્થ્ય અને દેશની અર્થવ્યવસ્થા એમ બંને પર પડી રહી છે.'રાહુલ ગાંધીએ બાળકો, વૃદ્ધો, શ્રમિકોની ચિંતા વ્યક્ત કરી કહ્યું કે, 'ઝેરી હવાનો સૌથી વધુ ખરાબ અનુભવ બાળકો અને વૃદ્ધોને થઈ રહ્યો છે. પ્રદૂષણને કારણે લાદવામાં આવતા પ્રતિબંધો અને ખરાબ હવાને લીધે આ ગરીબ વર્ગની આજીવિકા પર સીધી અસર પડી રહી છે. કરોડો સામાન્ય ભારતીયો દરરોજ આ બોજ સહન કરવા મજબૂર બન્યા છે.' વિપક્ષી નેતાએ લોકોને અપીલ કરી હતી કે, 'આ સંકટને માત્ર શિયાળો પૂરો થતા ભૂલી જવું જોઈએ નહીં. તમારો અવાજ બુલંદ છે, તેથી તમારે અવાજ બુલંદ કરવો મારી જવાબદારી છે.' રાહુલ ગાંધીએ એક લિંક શેર કરીને લોકોને વિનંતી કરી છે કે પ્રદૂષણને કારણે તેમને કે તેમના પરિવારને કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે તેના અનુભવો શેર કરે. બીજી તરફ, દિલ્હીમાં છેલ્લા બે દિવસથી થયેલા વરસાદને કારણે પ્રદૂષણના સ્તરમાં આંશિક રાહત જોવા મળી છે.

### ચીન સાથે નવા વેપાર સોદા મુદ્દે ટ્રમ્પ ભડક્યા

# પ્રમુખ ટ્રમ્પની કેનેડા પર ૧૦૦ ટકા ટેરિફ નાંખવાની ધમકી

### ચીન પહેલા જ વર્ષમાં કેનેડાને ગળી જશે, ગોલ્ડન ડોમનો વિરોધ 'ગવર્નર' કાર્નીને ભારે પડશે : ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની વચ્ચેનો વિખવાદ હવે નવી ઊંચાઈએ પહોંચ્યો છે. પ્રમુખ ટ્રમ્પના વિરોધ વચ્ચે કેનેડા ચીન સાથે નવો વેપાર કરાર કરવાની તૈયારી કરી રહ્યું છે ત્યારે ટ્રમ્પે કેનેડા ચીન સાથે આ વેપાર કરાર કરશે તો તેના પર ૧૦૦ ટકા ટેરિફ નાંખવાની શનિવારે ધમકી આપી હતી. એટલું જ નહીં ટ્રમ્પે ફરી એક વખત કેનેડાના વડાપ્રધાન કાર્નીને અમેરિકાના 'ગવર્નર' કહીને સંબોધન કર્યું હતું.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ગયા વર્ષે બીજા કાર્યકાળ માટે સત્તા પર આવ્યા ત્યારથી જ કેનેડાને અમેરિકાનું ૫૧મું રાજ્ય અને કેનેડાના વડાપ્રધાનને 'ગવર્નર' કહીને સંબોધન કરે છે. એ જ રીતે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર લખ્યું કે, 'ગવર્નર માર્ક કાર્નીને લાગે છે કે તેઓ કેનેડાને ચીન માટે 'ડ્રોપ ઓફ પોર્ટ' બનાવી દેશે, જ્યાંથી ચીન અમેરિકામાં સામાન અને ઉત્પાદનો મોકલશે તો તેઓ ખૂબ મોટી ભૂલ કરી રહ્યા છે.

**અંક બંધ**

૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિન નિમિત્તે ગરવી ગુજરાત કાર્યાલયમાં રજા રહેશે. જેથી તા.૨૭-૦૧-૨૦૨૬ મંગળવારનો અંક પ્રકાશિત થશે નહિં. તા.૨૮-૦૧-૨૦૨૬ને બુધવારનો અંક રાબેતા મુજબ પ્રકાશિત થશે.

# કેન્દ્ર સરકારે પદ્મ પુરસ્કાર ૨૦૨૬ની જાહેરાત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારે પદ્મ પુરસ્કાર ૨૦૨૬ની જાહેરાત કરી છે. જેમાં ગુજરાતનાં મીર હાજીભાઈ કાસમભાઈને પદ્મશ્રીની સન્માનિત કરવાની જાહેરાત કરાઈ છે. આ સિવાય સાહિત્ય, શિક્ષણ, સમાજસેવા, આરોગ્ય, કળા અને જનકલ્યાણ સાથે જોડાયેલા લોકોના નામ સામેલ છે. બ્રજલાલ ભટ્ટ, બુધરી તાતી, ભગવાન દાસ, ધાર્મિક લાલ પંડ્યા, ડૉ. શ્યામ સુંદર, ચરણ હેમ્બ્રમને પણ પદ્મ પુરસ્કારથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી છે.

ત્રણ ગુજરાતીઓને પદ્મ સન્માન

જૂનાગઢઃ મીર હાજી કાસમ, (હાજી રમકડું, ઢોલક વાદક): આર્ટ

વડોદરાઃ ધાર્મિકલાલ પંડ્યા (માણભટ્ટ પરંપરા): આર્ટ

સુરતઃ નિલેશ માંડલેવાલા (અંગદાન ક્ષેત્ર): સામાજિક કાર્ય

મીર હાજીભાઈ કાસમભાઈને કળા ક્ષેત્રે તેમના યોગદાન માટે તેમને પદ્મશ્રીથી સન્માનિત કરાશે. તેમને લોકો 'હાજી રમકડું'ના નામથી પણ બોલાવે છે. ભજન, સંતવાણી, ગઝલ અને કવ્વાલીમાં તેઓ પોતાની આગવી છટાથી ઢોલક વગાડવા માટે જાણીતા છે. તેમણે ગાયો માટે ૩ હજારથી વધુ પ્રોગ્રામમાં ઢોલક વગાડ્યું છે. તેમણે ૧ હજારથી વધુ સ્ટેજ પ્રોગ્રામ પણ કર્યા છે.

પદ્મ પુરસ્કાર વિજેતાઓનું લિસ્ટઃ

| ક્રમ | વિજેતાનું નામ |
|---|---|
| ૧ | અંકે ગૌડા |
| ૨ | આર્મિડા ફર્નાન્ડીઝ |
| ૩ | ભગવાનદાસ રાયકવાર |
| ૪ | ભીકલ્યા લડક્યા ઢિંડા |
| ૫ | બ્રજ લાલ ભટ્ટ |
| ૬ | બુધરી તાતી |
| ૭ | ચરણ હેમ્બ્રમ |
| ૮ | ચિરંજી લાલ યાદવ |
| ૯ | ધાર્મિકલાલ ચુનીલાલ પંડ્યા |
| ૧૦ | ગફરુદીન મેવાતી જોગી |
| ૧૧ | હલ્લી વાર |
| ૧૨ | ઈન્દરજીત સિંહ સિદ્ધુ |
| ૧૩ | કે. પજનીવેલ |

### ટ્રમ્પના 'મિશન ડિપોર્ટેશન' વચ્ચે ખૂની ખેલ!

# ઈમિગ્રેશન અધિકારીઓએ વધુ એકની હત્યા કરતાં ભારે આક્રોશ

(સંપૂર્ણ સમાચાર સેવા)ન્યુયોર્ક

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસનની કડક ઈમિગ્રેશન નીતિઓ અને ફેડરલ એજન્ટોની કાર્યવાહી ફરી એકવાર વિવાદમાં ફસાઈ છે. હાલમાં જ અમેરિકાના મિનેસોટા રાજ્યની રાજધાની મિનીઆપોલિસમાં એક ૫૧ વર્ષીય વ્યક્તિનું ફેડરલ એજન્ટોના હાથે ગોળી વાગવાથી મોત થયું છે, જેના કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ઘટનાને પગલે રાજ્યના ગવર્નર ટિમ વોલ્ઝ અને કેન્દ્ર સરકાર વચ્ચે ગંભીર ટકરાવની સ્થિતિ સર્જાઈ છે. ગવર્નર વોલ્ઝે આ ઘટનાને અત્યંત ઘૃણાસ્પદ ગણાવતા ડોનાલ્ડ ટ્રમ્પ પાસે માંગ કરી છે કે રાજ્યમાં તૈનાત હજારો અપ્રશિક્ષિત અને હિંસક ફેડરલ એજન્ટોને તાત્કાલિક પાછા ખેંચવામાં આવે અને આ ઓપરેશન બંધ કરવામાં આવે. આ ઘટના બાદ સુરક્ષાના કારણોસર સ્થાનિક પોલીસ અને પ્રશાસને લોકોને તે વિસ્તારથી દૂર રહેવાની સલાહ આપી છે. જોકે, ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીએ દાવો કર્યો છે કે મૃતક વ્યક્તિ પાસે હથિયાર અને કારતૂસ હતા. આ અગાઉ ૭ જાન્યુઆરીના રોજ પણ રેની ગુડ નામની મહિલાનું એજન્ટોના હાથે મોત થયું હતું, જે ત્રણ બાળકોની માતા હતી. તે સમયે પણ પ્રશાસને સ્વબચાવમાં ગોળી ચલાવી હોવાનો દાવો કર્યો હતો, પરંતુ લોકોમાં આ એજન્ટોની કાર્યશૈલીને લઈને ભારે આક્રોશ છે. આ ઘટના બાદ મિનેસોટાના ગવર્નર ટિમ વોલ્ઝે માંગ કરી છે કે રાજ્યમાં તૈનાત કરવામાં આવેલા હિંસક અને બિનઅનુભવી ફેડરલ અધિકારીઓને તાત્કાલિક અસરથી પાછા બોલાવવામાં આવે. ગવર્નરના મતે, આ પ્રકારના અપ્રશિક્ષિત એજન્ટોની હાજરી સામાન્ય નાગરિકોની સુરક્ષા માટે મોટો ખતરો છે. સોશિયલ મીડિયા પર પણ આ ઘટનાને લઈને લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, જ્યાં નેટીઝન્સ ફેડરલ એજન્ટોની આકરી ટીકા કરી રહ્યા છે અને તેમને 'કાયર' ગણાવીને પોતાનો આક્રોશ ઠાલવી રહ્યા છે. બીજી તરફ, આ મુદ્દે અમેરિકામાં મોટો રાજકીય ફાંટો પણ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે. જ્યાં એકબાજુ ગવર્નર વોલ્ઝ પ્રશાસનની આ નીતિઓનો જોરદાર વિરોધ કરી રહ્યા છે, ત્યાં બીજી બાજુ ડોનાલ્ડ ટ્રમ્પ અને જેડી વેન્સ એજન્ટોની કામગીરીના સમર્થનમાં ઉભા હોય તેવું જણાય છે. આ રાજકીય ખેંચતાણને કારણે સ્થાનિક વહીવટીતંત્ર અને વ્હાઈટ હાઉસ વચ્ચેના સંબંધોમાં વધુ તણાવ પેદા થયો છે, જેના કારણે આગામી દિવસોમાં વિરોધ પ્રદર્શનો વધુ ઉગ્ર બનવાની શક્યતા છે.

ગરવી ગુજરાત
ગુજરાતી
JioTV
CHENNAL NO. 3010
TATA PLAY
CHENNAL NO. 2111
Jio Air Fiber
Jio Tv +
Jio Fiber
Daily Hunt
ebaba Tv
Dish Plus
DTH live OTT
Rock TV
Airtel
Amezone Fire
Rocu Tv-US.UK
દેશ-દુનિયાના મહત્વપૂર્ણ સમાચારોની માહિતી મેળવવા માટે આજે જ
ગરવી ગુજરાત ગુજરાતી ચેનલ નિહાળો

## તંત્રી લેખ......

### દૂષિત પીવાના પાણીએ હાહાકાર મચાવ્યો, વહીવટીતંત્ર પાઠ શીખવા તૈયાર નથી

ઈન્દોરના ભગીરથપુરા પછી, તે જ જિલ્લાના મહુમાં દૂષિત પીવાના પાણીને કારણે આશરે ૩૦ લોકો બીમાર પડ્યાના સમાચાર દર્શાવે છે કે સરકાર અને વહીવટીતંત્ર જરૂરી પાઠ શીખવા તૈયાર નથી. ભગીરથપુરામાં દૂષિત પીવાના પાણીને કારણે ૨૫ થી વધુ લોકોના મોત અને સૌથી સ્વચ્છ શહેરનો ખિતાબ ધરાવતા ઈન્દોર વહીવટીતંત્રને થયેલી બદનામી પછી, રાજ્યભરમાં તકેદારી રાખવી જોઈતી હતી કે દૂષિત પીવાનું પાણી ક્યાંય પણ પૂરું ન પડે. જોકે, મહુ કેસ દર્શાવે છે કે આવું કરવામાં આવ્યું ન હતું. આ જાહેર આરોગ્યની ગંભીર અવગણના દર્શાવે છે.

દૂષિત પીવાના પાણીનો મુદ્દો ફક્ત ઈન્દોર પૂરતો મર્યાદિત ન હોવો જોઈએ. દેશભરના શહેરોમાં પીવાના પાણીની ગુણવત્તા અંગે પ્રશ્નો સતત ઉભા થાય છે. આ પ્રશ્નોને ત્યાં સુધી અવગણવામાં આવે છે જ્યાં સુધી લોકો દૂષિત પાણીને કારણે ગંભીર રીતે બીમાર ન થાય અથવા મૃત્યુ પામે, જેમ કે ભગીરથપુરામાં. એ વાતને અવગણવી ન જોઈએ કે તાજેતરના સમયમાં, નોઈડા અને ગાંધીનગર સહિત દેશભરના ઘણા શહેરોમાં દૂષિત પીવાના પાણી પુરવઠાના કિસ્સાઓ નોંધાયા છે. આ કિસ્સાઓની વ્યાપક ચર્ચા થઈ હતી કારણ કે ભગીરથપુરાનો મુદ્દો સામે આવ્યો હતો.

એ કોઈ રહસ્ય નથી કે આપણા દેશમાં પીવાના પાણીની અને અન્ય નાગરિક સુવિધાઓની ગુણવત્તા કુખ્યાત રીતે હલકી ગુણવત્તાની છે. પીવાના પાણીની ગુણવત્તા અંગે મ્યુનિસિપલ સંસ્થાઓ અને રાજ્ય સરકારો દ્વારા કરવામાં આવતા દાવાઓ છતાં, સત્ય એ છે કે દેશના મોટા ભાગોમાં પીવાના પાણીની ગુણવત્તા હલકી ગુણવત્તાની છે. નીતિ આયોગના એક અભ્યાસમાં જણાવાયું છે કે દર વર્ષે આશરે ૨૦૦,૦૦૦ લોકો દૂષિત પીવાના પાણીને કારણે મૃત્યુ પામે છે. નીતિ આયોગે એ પણ શોધી કાઢ્યું છે કે દેશના ૭૦ ટકા પાણીના સ્રોત દૂષિત છે.

લોકો દૂષિત પીવાનું પાણી પીવા માટે મજબૂર છે કારણ કે મ્યુનિસિપલ સંસ્થાઓના અધિકારીઓ, જે જનતાનું પ્રતિનિધિત્વ કરે છે અને પીવાના પાણીની ગુણવત્તા સુનિશ્ચિત કરે છે, તેઓ તેમની ફરજોમાં બેદરકારી દાખવે છે. તેઓ સામાન્ય રીતે દૂષિત પીવાના પાણી પુરવઠા અંગેની ફરિયાદોને અવગણે છે અને અવગણે છે. આનું કારણ એ છે કે તેમને તેમની બેદરકારી માટે ક્યારેય સજાનો સામનો કરવો પડતો નથી. આપણા દેશમાં એક ખરાબ વલણ પણ છેઃ દૂષિત પાણી પુરવઠા અથવા અન્ય નાગરિક સુવિધાઓમાં ખામીઓના સમાચાર બહાર આવતાની સાથે જ સરકાર અને વહીવટીતંત્ર દ્વારા લેવામાં આવતી પહેલી કાર્યવાહી આ અહેવાલોને ખોટી સાબિત કરવાની છે.

### ઈનોવા કારનો કચ્ચરઘાણ નીકળી ગયો

## પાલનપુર-આબુ રોડ હાઈવે પર એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના ઈકબાલગઢ નજીક પાલનપુર-આબુ રોડ હાઈવે પર એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં રોંગ સાઈડથી પૂરપાટ ઝડપે આવતા ટ્રકે ઈનોવા કારને અડફેટે લીધી હતી. આ અકસ્માતમાં સાત લોકોના મોત નીપજ્યા છે. જ્યારે ત્રણ લોકો ઈજાગ્રસ્ત છે. ઈનોવા ગાડી પાલનપુરથી રાજસ્થાન તરફ જતી હતી. અમીરગઢ પોલીસે ટ્રાફિક દૂર કરાવી અકસ્માતને લઈને વધુ તપાસ હાથ ધરી છે. આ ગમખ્વાર અકસ્માતના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે.

મળતી માહિતી પ્રમાણે, અમીરગઢના ઈકબાલગઢ નજીક હાઈવે પર ટ્રક રોંગ સાઈડમાં જઈ રહી હતી. અકસ્માત બાદ ટ્રકનો ડ્રાઈવર ઘટનાસ્થળથી ફરાર થઈ ગયો છે. કારમાં સવાર લોકો એક દર્દીની સારવાર માટે પાલનપુર જઈ રહ્યા હતા. અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલી ૧ મહિલા અને ૨ પુરુષોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અકસ્માત એટલો ભયાવહ હતો કે, ઈનોવા કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

કારમાં સવાર ૬ મુસાફરોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. જ્યારે એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા અને ૫ કિમી લાંબો ટ્રાફિક જામ સર્જાયો છે. ઘટનાની જાણ થતાં જ અમીરગઢ પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો.

પોલીસ અને સ્થાનિક લોકોની મદદથી ગાડીમાં ફસાયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. સાત મૃતદેહોને પંચનામું કરીને પોસ્ટમોર્ટમ માટે નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અમીરગઢ પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. તમામ મૃતકો રાજસ્થાનના હોવાનું જાણવા મળ્યું છે.

### વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં છેલ્લા ૧૧ વર્ષમાં દેશની સેના અને સીમાઓ વધુ મજબૂત બનીઃ- રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

# એટહોમ કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનોનું ઉષ્માપૂર્વક સ્વાગત કરતાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

### નર્મદાના નીરથી વાવ - થરાદ જિલ્લો સમૃદ્ધ બન્યોઃ આજે ગુજરાત દેશના અન્ય રાજ્યો માટે રોલ મોડેલ બનીને ઉભર્યું છેઃ- રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી








(માહિતી બ્યુરો, પાલનપુર)

૭૭માં પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ થરાદના મલુપુર ખાતે યોજાયેલા એટ હોમ કાર્યક્રમમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આમંત્રિત મહેમાનોને હૃદયપૂર્વક આવકાર્યા હતા. આ અવસરે પોલીસ દળ દ્વારા ગાર્ડ ઓફ ઓનર થકી રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીને વિશેષ ગૌરવભેર સન્માન અપાયું હતું. આ વેળાએ પોલીસ બેન્ડ દ્વારા રાષ્ટ્રગાનની ધૂનની પ્રસ્તુતી કરવામાં આવી હતી. એટ હોમ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી, મંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોર અને મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી પણ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતા.

આ ખાસ અવસરે આમંત્રિત મહેમાનોને ૭૭માં પ્રજાસત્તાક દિવસની શુભેચ્છાઓ પાઠવતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, દેશના વડાપ્રધાનશ્રી તથા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય પર્વની ઉજવણી માત્ર પાટનગર ગાંધીનગર સુધી સીમિત રાખવાને બદલે રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાં ઉજવવાની પરંપરા શરૂ કરી હતી. આજે ખુશીની વાત છે કે સરકાર દ્વારા વાવ - થરાદને નવીન જિલ્લા તરીકે સ્થાપિત કરીને સરહદી વિસ્તારના નાગરિકોને મહત્વપૂર્ણ ભેટ આપવામાં આવી છે. નવીન જિલ્લાના નિર્માણથી આ વિસ્તારના નાગરિકોની સુખાકારીમાં નોંધપાત્ર વધારો થશે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, આપણો દેશ ગુલામીની જંજીરોમાંથી મુક્ત થયો છે, જેના માટે અનેક નામી અને અનામી ક્રાંતિકારીઓએ પોતાના બલિદાન આપ્યા છે. તેમની શૌર્યગાથાઓ યુવા પેઢી સુધી પહોંચાડવી એ આપણી ફરજ છે. આવનાર પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે તેમણે કઠોર પરિશ્રમ અને અસંખ્ય વેદનાઓ સહન કરી આપણને આઝાદી અપાવી હતી. મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ સહિત અનેક મહાન વ્યક્તિત્વોએ આઝાદી માટે સંઘર્ષ કર્યો હતો. આજે ભારત વિશ્વના શક્તિશાળી દેશોની હરોળમાં સ્થાન મેળવી ચૂક્યું છે. એક તરફ આપણે ટેકનોલોજીમાં ઝડપથી આગળ વધી રહ્યા છીએ, તો બીજી તરફ સરહદી વિસ્તારોના નાગરિકો પોતાની અનોખી સંસ્કૃતિ અને વિરાસતને સંરક્ષિત રાખી રહ્યા છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની દશા અને દિશા બંને બદલાઈ છે. દેશના વિકાસ, વિરાસત અને ગૌરવ માટે નોંધપાત્ર કામગીરી થઈ છે. છેલ્લા ૧૧ વર્ષમાં દેશની સેનાઓ અને સીમાઓની સુરક્ષા વધુ મજબૂત બની છે. છેલ્લા આઠ વર્ષમાં સામાજિક અને આર્થિક રીતે દેશના અંદાજે ૨૫ કરોડ નાગરિકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. દેશના દરેક ખૂણે રોડ કનેક્ટિવિટીનું વિસ્તરણ અને રેલ્વેનું આધુનિકીકરણ કરવામાં આવ્યું છે.

તેમણે જણાવ્યું કે, એક સમય એવો હતો જ્યારે ગુજરાતમાં સોય પણ બનતી નહોતી, જ્યારે આજે વડોદરામાં કાર્ગો વિમાનનું નિર્માણ થઈ રહ્યું છે. રાજ્યમાં સેમીકન્ડક્ટર, ઓટોમોબાઈલ હબ સહિત ઔદ્યોગિક ક્ષેત્રે ક્રાંતિ આવી છે. આજે ગુજરાત દેશના અન્ય રાજ્યો માટે રોલ મોડેલ બનીને ઉભર્યું છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના અતિશય ઉપયોગથી જમીનની ગુણવત્તા ઘટી રહી છે અને માનવ સ્વાસ્થ્ય પર પણ ગંભીર જોખમ ઊભું થયું છે.

રાસાયણિક ખેતીનો વધતો ખર્ચ ખેડૂતોને સમૃદ્ધિથી વંચિત રાખે છે. આજે લાખો ખેડૂતોએ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવીને જમીનને ફળદ્રુપ અને ઝેરમુક્ત બનાવી છે. ગુણવત્તાયુક્ત પેદાશોની બજારમાં વધતી માંગને કારણે ખેડૂતોની આવકમાં વધારો થશે અને સમૃદ્ધિના દ્વાર ખુલશે. પચાસ વર્ષ પહેલા જે અનેક બિમારીઓ વિશે આપણે અજાણ હતા, આજે તેવી અવનવી બિમારીઓ જોવા મળી રહી છે, જેના માટે રાસાયણિક ખાતરો અને દવાઓ મુખ્ય કારણ બની રહી છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, વાવ - થરાદ જિલ્લો મુખ્યત્વે ખેતી અને પશુપાલન પર આધારિત છે. અહીંના ખેડૂતોએ ધરતી માતાનું ઋણ અદા કરવા માટે પ્રાકૃતિક ખેતી તરફ પ્રયાણ કર્યું છે, તે જાણીને મને અત્યંત આનંદ થાય છે. બનાસ ડેરીના માધ્યમથી આજે અહીંના પશુપાલકો આત્મનિર્ભર બન્યા છે. એક સમય એવો હતો જ્યારે અહીં રેતીના ટીલા જોવા મળતા હતા, પરંતુ આજે નર્મદા મૈયાના નીરથી આ સમગ્ર વિસ્તાર હરિયાળો અને સમૃદ્ધ બન્યો છે.

આ પ્રસંગે મુખ્ય સચિવશ્રી એમ.કે.દાસ, અધિક મુખ્ય સચિવ ડૉ. અંજુ શર્મા, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી સંજીવ કુમાર, પોલીસ મહા નિર્દેશકશ્રી કેએલએન.રાવ, ધારાસભ્યશ્રી, પદાધિકારીઓ, વરિષ્ઠ અધિકારીઓ, સમાજ શ્રેષ્ઠીઓ, સરપંચશ્રીઓ, એક્સ આર્મી, ખેડૂતો, અગ્રણી ઉદ્યોગપતિઓ, આરોગ્ય કર્મીઓ, સ્વૈચ્છિક સંસ્થાના પ્રમુખ, ખાદ ઉત્પાદક સંગઠન, ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા રમતવીરો, પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતા.

## ઠંડી અને ધુમ્મસનો કહેરઃ દિલ્હી-NCRમાં ૨૬ જાન્યુઆરી સુધી વરસાદની શક્યતા નહીવત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૨૬ જાન્યુઆરી સુધી વરસાદની સંભાવના ખૂબ જ ઓછી છે, જેના કારણે ઠંડીની સાથે ઝાકળ અને ધુમ્મસ લોકોની મુશ્કેલીઓ વધારી શકે છે.ઉત્તર ભારતમાં પશ્ચિમી વિક્ષેપ નબળો રહેવાના કારણે દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, ગુરુગ્રામ અને ફરીદાબાદમાં હાલ વરસાદ થવાની આશા નથી. જોકે પહાડી વિસ્તારોમાં હળવો વરસાદ અને બરફવર્ષાનો પ્રભાવ મેદાની વિસ્તારોમાં ઠંડા પવન રૂપે અનુભવાઈ રહ્યો છે. તેના કારણે ન્યૂનતમ તાપમાનમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે અને રાત્રિ તથા સવારના સમયે ઠંડી વધુ કડક બની રહી છે. હવામાન વૈજ્ઞાનિકોના કહેવા મુજબ આવનારા દિવસોમાં સવાર અને મોડીરાત્રે ઝાકળ છવાવાની સંભાવના છે. અનેક વિસ્તારોમાં દૃશ્યતા ખૂબ ઓછી થઈ શકે છે, જેના કારણે રસ્તા અને રેલ પરિવહન પર અસર પડી શકે છે. ખાસ કરીને હાઈવે પર વાહન ચલાવતા લોકોને વધુ સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે. ધુમ્મસ અને ઝાકળના કારણે ફ્લાઈટ અને ટ્રેનો પણ મોડી પડી શકે છે.દિવસ દરમિયાન હળવો સૂર્યપ્રકાશ નીકળવાથી થોડી રાહત મળી શકે છે, પરંતુ ઠંડા પવનોને કારણે ઠંડીનો પ્રભાવ યથાવત રહેશે. મહત્તમ તાપમાન સામાન્યની આસપાસ રહી શકે છે, જ્યારે ન્યૂનતમ તાપમાનમાં ૧ થી ૨ ડિગ્રી સુધી વધુ ઘટાડાની શક્યતા છે. હવામાન વિભાગે વડીલો અને બાળકોને ખાસ કરીને ઠંડીથી બચવાની સલાહ આપી છે. હવાની ગુણવત્તાની વાત કરીએ તો, વરસાદ ન હોવાના કારણે એર ક્વોલિટી ઈન્ડેક્સ મધ્યમથી ખરાબ શ્રેણીમાં જ રહી શકે છે. નિષ્ણાતોના કહેવા મુજબ પવનની ગતિ ઓછી રહેવાને કારણે પ્રદૂષક તત્વો વાતાવરણમાં જ ફસાયેલા રહેશે. દિલ્હી-એનસીઆર વિસ્તારમાં ૨૬ જાન્યુઆરી સુધી હવામાન શુષ્ક રહેશે, પરંતુ ઠંડી, ઝાકળ અને ધુમ્મસ લોકોની દૈનિક જીવનશૈલી પર અસર કરતા રહેશે. ગરમ કપડાં પહેરવા, સાવચેતીથી વાહન ચલાવવું અને આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું ખૂબ જરૂરી છે.

## શાહજહાંપુર જિલ્લામાં એક ખૌફનાક ઘટના બનીઃ યુવક-યુવતીએ કાફેની છત પરથી છલાંગ લગાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)ઉત્તર પ્રદેશ

ઉત્તર પ્રદેશના શાહજહાંપુર જિલ્લામાં એક ખૌફનાક ઘટના બની છે, જેને કારણે લોકોમાં ખૂબ આક્રોશ ફેલાયો છે. શનિવારે બપોરે લગભગ ૩:૩૦ વાગ્યે એક યુવક અને તેની પ્રેમિકા શાહજહાંપુર જિલ્લાના કાંટ વિસ્તારમાં આવેલા ’પિઝ્ઝા ૯૯ રેસ્ટોરન્ટ’માં પહોંચ્યા હતા. આ રેસ્ટોરન્ટ એક બેંકની ઉપરના માળે આવેલું છે. બંનેએ મેગીનો ઓર્ડર આપીને બેસીને ખાવાનું શરૂ કર્યું, ત્યાં અચાનક ૭-૮ યુવાનો રેસ્ટોરન્ટમાં ઘૂસી આવ્યા. આ યુવાનોએ પોતે કોઈ સંગઠન સાથે જોડાયેલા હોવાનું જણાવી યુવક-યુવતી પાસે આઈડી કાર્ડ માંગવા લાગ્યા. આરોપ છે કે તેઓએ બંને સાથે ખૂબ અભદ્ર વર્તન કર્યું. એટલું જ નહીં, તેઓએ મોબાઈલથી યુવક-યુવતીનો વીડિયો પણ બનાવવાનું શરૂ કરી દીધું હતું.

આ અચાનક આટલા શખ્સોએ ઘેરી લેતા અને વીડિયો બનાવતા બંને ખૂબ ગભરાઈ ગયા હતા. બદનામીના ડરથી અને આ યુવાનોની ધમકીથી યુવતીએ તરત જ રેસ્ટોરન્ટની બીજા માળની બારીમાંથી છલાંગ લગાવી દીધી હતી. જે બાદ પોતાની પ્રેમિકાને બચાવવા માટે યુવક પણ તરત જ તેની પાછળ કૂદી ગયો હતો. લગભગ ૨૦ ફૂટની ઊંચાઈથી પડવાથી બંને ગંભીર રીતે ઘાયલ થઈ ગયા હતા.

## ૧૪.૯૮ લાખના ચેક રિટર્ન કેસમાં વિસનગરના કોન્ટ્રાક્ટરને ૧ વર્ષની કેદ

(સંપૂર્ણ સમાચાર સેવા)પાટણ

પાટણની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે ચેક રિટર્ન કેસમાં એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. વિસનગરના પુદગામ સ્થિત ’શક્તિ એન્ટરપ્રાઈઝ’ ફર્મના પ્રોપરાઈટર રાજેન્દ્રભાઈ ભગવાનદાસ પટેલને દોષિત ઠેરવી એક વર્ષની સાદી કેદ ની સજા ફટકારવામાં આવી છે. કોર્ટે આરોપીને ચેકની રકમ એટલે કે ૧૪,૯૮,૨૨૯ વળતર પેટે ૨૦ દિવસમાં ચૂકવી દેવા પણ કડક આદેશ કર્યો છે.પાટણની જી.આઈ.ડી.સી.માં ’ઉમા સ્ટીલ’ નામની પેઢી ધરાવતા દિવ્યકુમાર પ્રકાશભાઈ પટેલ લોખંડની ચીજવસ્તુઓનો વેપાર કરે છે. આરોપી રાજેન્દ્ર પટેલ કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાથી તેઓ દિવ્યકુમાર પાસેથી માલસામાનની ખરીદી કરતા હતા.

### પ્રેમ પ્રકરણ લોહિયાળ અંજામ સુધી પહોંચ્યો

## દાહોદમાં પ્રેમીએ કરી પ્રેમિકાની હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)દાહોદ

ગુજરાતના દાહોદ જિલ્લામાં એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં પ્રેમ પ્રકરણ લોહિયાળ અંજામ સુધી પહોંચ્યો છે. એક મહિલાની કરપીણ હત્યા અને ત્યારબાદ તેના જ પ્રેમીએ કરેલા આપઘાતના બનાવથી સમગ્ર પંથકમાં ભય અને સનસનાટીનો માહોલ ફેલાયો છે.

મળતી માહિતી પ્રમાણે દાહોદના એક વિસ્તારમાં મહિલાની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને નિર્મમ હત્યા કરવામાં આવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, આ હત્યા પાછળ મહિલાનો પ્રેમી જ જવાબદાર હોવાની પ્રબળ આશંકા છે. પ્રેમીએ આવેશમાં આવીને મહિલાનું મોત નિપજાવ્યા બાદ, પોતે પણ ગળાફાંસો ખાઈને અથવા અન્ય રીતે આપઘાત કરી જીવન ટૂંકાવી લીધું હોવાનું સામે આવ્યું છે.

આ કેસ માત્ર હત્યા કે આત્મહત્યા પૂરતો મર્યાદિત ન રહેતા, તેમાં અનેક ગંભીર પાસાઓ જોડાઈ રહ્યા છે. ઘટના સ્થળની પરિસ્થિતિ જોતા પોલીસને શંકા છે કે મહિલાના મોત પૂર્વે તેની સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હોઈ શકે છે. આ શંકાના નિવારણ માટે અને મૃત્યુનું સાચું કારણ જાણવા માટે પોલીસે મૃતદેહને પેનલ ફોરોનેસ્ક પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. ફોરેન્સિક નિષ્ણાતોની ટીમ દ્વારા પુરાવાઓ એકત્રિત કરવામાં આવી રહ્યા છે.જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ પોલીસની અલગ-અલગ ટીમો આ કેસની કડીઓ જોડી રહી છે. આસપાસના લોકોના નિવેદનો લેવાની અને ઘટનાસ્થળેથી લોહીવાળા હથિયારો કબજે કરવાની તજવીજ હાથ ધરાઈ છે. પેનલ પીએમના રિપોર્ટ બાદ જ સ્પષ્ટ થશે કે મહિલા સાથે શારીરિક અડપલાં કે દુષ્કર્મ થયું હતુ કે નહીં. હાલમાં આ ડબલ મોતના મામલે પોલીસે અકસ્માતે મોત અને હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

## નોઈડા કાર અકસ્માત કેસઃ યુવરાજ મહેતાના મોત પર SIT રિપોર્ટ તૈયાર, CM યોગીને સુપરત થશે

### સરકારે આ મામલાની તપાસ માટે એક ખાસ તપાસ ટીમ ની રચના કરી SIT એ અનેક વિભાગોને પૂછપરછ કરી અને રિપોર્ટ માંગ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નોઈડા

૧૬ ડિસેમ્બરની રાત્રે નોઈડામાં એક ભયાનક કાર અકસ્માત થયો. સોફ્ટવેર એન્જિનિયર યુવરાજ મહેતાની કાર પાણીથી ભરેલા ખાડામાં પડી ગઈ, જેના કારણે તેનું મોત થયું. આ ઘટના હવે માત્ર અકસ્માત નથી લાગતી, પરંતુ વહીવટી બેદરકારી અને પ્રણાલીગત નબળાઈનો મોટો કિસ્સો બની ગયો છે. સરકારે આ મામલાની તપાસ માટે એક ખાસ તપાસ ટીમ ની રચના કરી. SIT એ અનેક વિભાગોને પૂછપરછ કરી અને રિપોર્ટ માંગ્યો. તપાસ હવે પૂર્ણ થઈ ગઈ છે અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને સુપરત કરવામાં આવી રહી છે.

૧૬ ડિસેમ્બરની રાત્રે, યુવરાજ મહેતા નોઈડા સેક્ટર ૧૫૦ માં પોતાની કાર ચલાવી રહ્યા હતા. રસ્તા પર એક પ્લોટ પાસે પાણીથી ભરેલો એક ઊંડો ખાડો હતો, જ્યાં કાર પડી ગઈ. યુવરાજ લાંબા સમય સુધી મદદ માટે બૂમો પાડતો રહ્યો, પરંતુ બચાવ કામગીરી બે કલાકથી વધુ સમય સુધી વિલંબિત રહી. પરિણામે, તે ડૂબી ગયો. બાંધકામ કાર્ય દરમિયાન ખાડો ખોદવામાં આવ્યો હતો અને તેનું સમારકામ કરવામાં આવ્યું ન હતું. ગટર અને ડ્રેનેજની સમસ્યાઓને કારણે પાણી એકઠું થયું હતું.

SIT એ આ મામલાની સંપૂર્ણ તપાસ કરી. તેમણે નોઈડા ઓથોરિટી, પોલીસ અને અન્ય વિભાગોને ૨૨ થી વધુ પ્રશ્નો પૂછ્યા. નોઈડા ઓથોરિટીએ ૧૫૦ પાનાનો રિપોર્ટ રજૂ કર્યો, જ્યારે પોલીસે ૪૫૦ પાનાનો રિપોર્ટ રજૂ કર્યો. સૂત્રોના જણાવ્યા અનુસાર, SIT એ બચાવમાં વિલંબના મુખ્ય કારણ વિશે પૂછપરછ કરી, પરંતુ કોઈ સંતોષકારક જવાબ મળ્યો નહીં.

તપાસ ટીમ મેરઠ ગઈ અને રિપોર્ટનું વિશ્લેષણ કર્યું. SIT એ SDRF, પોલીસ, કંટ્રોલ રૂમ અને બચાવ ટીમોના સભ્યો સહિત ૧૦૦ થી વધુ લોકોના નિવેદનો નોંધ્યા.નોઈડા ઓથોરિટી શહેરની જાળવણી માટે જવાબદાર છે. પ્લોટ નજીક અકસ્માત પછી ગૌણ અધિકારીઓ પાસેથી જવાબો મેળવવા માટે CEO લોકેશ એમ. જવાબદાર હતા. ફાઈલ મંજૂર થયા પછી, રોડ કટ પર કામ હાથ ધરવામાં આવ્યું ન હતું અને કોઈ ફોલો-અપ કરવામાં આવ્યું ન હતું. તેથી, SIT એ પહેલા જુનિયર એન્જિનિયરને દૂર કર્યા અને પછી CEO લોકેશ એમ સામે મોટી કાર્યવાહી કરી. તેમને તેમના પદ પરથી દૂર કરવામાં આવ્યા અને વેઈટિંગ લિસ્ટમાં મૂકવામાં આવ્યા. રિપોર્ટના આધારે આગળની કાર્યવાહી થઈ શકે છે.

નોઈડા ડીએમ મેધા રૂપમ જિલ્લાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ વડા છે. તેઓ અકસ્માત પછી ચોથા દિવસે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે યુવરાજના પરિવાર સાથે વાત પણ કરી ન હતી. ઘટનાના એક દિવસ પહેલા ડિઝાસ્ટર મેનેજમેન્ટ મીટિંગ યોજાઈ હતી, પરંતુ કોઈ તૈયારી દેખાતી નહોતી. એસઆઈટીએ પણ આ અંગે પ્રશ્નો ઉભા કર્યા છે.

અકસ્માત દરમિયાન, પોલીસ પછી ફાયર બ્રિગેડ પણ આવી હતી. કર્મચારીઓએ જણાવ્યું હતું કે તેઓ તરવાનું જાણતા નહોતા અને તેમની પાસે સાધનો પણ નહોતા. ચીફ ફાયર ઓફિસર ઘટનાસ્થળે પહોંચ્યા ન હતા કે કોઈને માર્ગદર્શન આપ્યું ન હતું. એસઆઈટીએ પૂછપરછ કરી કે આવું કેમ થયું. અકસ્માત દરમિયાન, પોલીસ પહેલા પહોંચી. ડાયલ-૧૧૨નો રિસ્પોન્સ સમય પૂરતો હતો, પરંતુ એસએચઓ સર્વેશ સિંહ ઘટનાસ્થળે પહોંચ્યા ન હતા. તેમણે બચાવ કામગીરી અંગે અધિકારીઓને જાણ કરી ન હતી. એસઆઈટીએ પૂછ્યું કે એનડીઆરએફને સમયસર જાણ કેમ ન કરવામાં આવી. નોઈડા ટ્રાફિક સેલના જીએમ એસપી સિંઘ, બ્લેક સ્પોટ ચિહ્નિત કરવા, રિફ્લેક્ટર, સાઈનબોર્ડ લગાવવા અને સલામતીના પગલાં લેવા માટે જવાબદાર હતા. આ કામ કરવામાં આવ્યું ન હતું. પાણી અને ગટરના જીએમ આરપી સિંઘ, ડ્રેનેજ માટે જવાબદાર હતા. ૧૨ સોસાયટીઓના ૧૦,૦૦૦ રહેવાસીઓનું ગટરનું પાણી તૂટેલી લાઈન દ્વારા પ્લોટમાં વહેતું હતું. સિંચાઈ વિભાગે ૨૦૨૩ માં હેડ રેગ્યુલેટર ઈન્સ્ટોલ કરવાનું હતું, પરંતુ કોઈ ફોલોઅપ કરવામાં આવ્યું ન હતું.

ખાડો જ્યાં હતો તે પ્લોટ અભય કુમાર (બિઝ ટાઉન પ્લાનર તરીકે નોંધાયેલ) નો છે. તેણે ભોંયરામાં ખાડો ખોદ્યો અને તેને ખાલી છોડી દીધો. પાણી ભરાઈ ગયું, અને યુવરાજ બહાર નીકળી શક્યો નહીં. બિલ્ડરો અભય કુમાર, સંજય કુમાર, મનીષ કુમાર, અચલ વોહરા અને નિર્મલ કુમાર સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં ચાર બિલ્ડરોની ધરપકડ કરવામાં આવી છે. આ અકસ્માત કેસ હવે સિસ્ટમ નિષ્ફળતા સાથે જોડાયેલો બની ગયો છે. વહીવટી બેદરકારી, બચાવ પ્રયાસોનો અભાવ અને અધિકારીઓની બેજવાબદારી પ્રકાશમાં આવી છે. SIT રિપોર્ટનું વિશ્લેષણ કરીને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને સુપરત કરવામાં આવશે. અહેવાલો અનુસાર, અનેક અગ્રણી વ્યક્તિઓને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે. રિપોર્ટના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# અસલાલીમાં ગેરકાયદેસર વસવાટ કરતા ૬ બાંગ્લાદેશી ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ઈન્ચાર્જ પોલીસ મહાનિરિક્ષક વિધિ ચૌધરી અમદાવાદ વિભાગ અમદાવાદના તથા પોલીસ અધિક્ષક ઓમ પ્રકાશ જાટ અમદાવાદ ગ્રામ્યના તથા મદદનીશ પોલીસ અધિક્ષક અંકીતા મીશ્રા અસલાલી વિભાગ, અસલાલીનાઓએ સુચના આપેલ કે, ગુજરાતમાં ગે.કા. પ્રવેશતા બાંગ્લાદેશી ઘુસણખોરોને પકડવાની ઝુંબેશ ચાલુ હોય જે અનુસંધાને બાંગ્લાદેશી નાગરીકો વગર પાસપોર્ટ અને વિઝાએ ભારત દેશમાં પ્રવેશ કરે છે અને બહોળા પ્રમાણમાં અમદાવાદ શહેરમાં તથા અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના જુદાજુદા વિસ્તારોમાં રહે છે. જેથી આ બાબતે તપાસમાં રહી અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં ગે.કા. રીતે રહેતાં કોઈ બાંગ્લાદેશી નાગરિકો મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવાની સુચના આપી હતી, જે સુચના અન્વયે એ.પી. ચૌધરી પોલીસ ઈન્સ્પેકટર અસલાલી પોલીસ સ્ટેશનનાઓએ પોલીસ સ્ટેશનનના સ્ટાફને આવા સંદિગ્ધોની તપાસમાં રહેવા સુચના કરેલ જે આધારે પોલીસ સબ ઈન્સપેકટર તથા પો.હે.કોન્સ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.

તે દરમ્યાન બારેજા બીટ વિસ્તારના નાજ ગામ ખાતે વાડી વિસ્તારમાં તપાસ કરતા સંદિગ્ધ (૧) કાલોન સોલેમાન મોલ્લા ઉ.વ.૩૮ ધંધો.મજૂરી રહે- જલ્પેસભાઈ દેસાઈના બોર ઉપર નાજ ગામની સીમ નાજ તા.દસ્કોઈ જી.અમદાવાદ મુળ રહે-કુસલા, જી.ખુલના, બાંગ્લાદેશ (૨) મોહમ્મદ અરાફત સ/ઓ મોહમ્મદ અક્રમ મોલ્લા જાતે મોલ્લા ઉ.વ.૧૯ ધંધો.મજૂરી રહે- જલ્પેસભાઈ દેસાઈના બોર ઉપર નાજગામની સીમ નાજ તા.દસ્કોઈ જી.અમદાવાદ મુળ રહે-બારોસાદ, પોસ્ટ ઓફીસ-કુસલા ઉપા જીલ્લા-તેરોખડા જી.ખુલના, બાંગ્લાદેશ (૩) રીબાખાતુન વા/ઓ મોહમ્મદ અક્રમ મોલ્લા જાતે મોલ્લા ઉ.વ.૪૧ ધંધો. મજૂરી રહે-જલ્પેસભાઈ દેસાઈના બોર ઉપર નાજગામની સીમ નાજ તા.દસ્કોઈ જી.અમદાવાદ મુળ રહે- બારોસાદ, પોસ્ટ ઓફીસ-કુસલા ઉપા જીલ્લા-તેરોખડા જી.ખુલના, બાંગ્લાદેશ ના હોવાના જણાવેલ અને તેમની સાથે ત્રણ બાળકો પણ હોય જેઓને પકડી પુછપરછ કરતા પોતાના ગામ કુશલાથી નીકળી સતખીરા બોર્ડર ખાતેથી ગેરકાયદેસર ઘુસણખોરી કરી ચાલીને ભારતની સરહદમાં બાસીરહાટ ખાતે ચોરી છુપીથી આવેલ હતા. અને ત્યાંથી પ્રાઈવેટ વાહન (ટેક્ષી) મારફતે કલકતા રેલ્વે સ્ટેશન ખાતે આવેલ હતા અને કલકતા રેલ્વે સ્ટેશનથી ટ્રેન દ્વારા કાલુપુર રેલ્વે સ્ટેશન અમદાવાદ ખાતે આવેલ હતા અને કાળુપુર રેલ્વે સ્ટેશનથી ચંડોળા તળાવ ખાતે આવી ત્યાં છેલ્લા દસ વર્ષથી રહેતા હતાં ત્યારબાદ અમદાવાદ મ્યુનસિપલ કોર્પોરેશન દ્વારા ચંડોળા તળાવની આજુબાજુ તથા ચંડોળા તળાવના વિસ્તારમાં આવેલ દબાણ હટાવવાની તેમજ ત્યાં રહેલ તમામ મકાનો તેમજ ગેરકાયદેસર ઝૂંપડાઓ તોડી પાડવાની કાર્યવાહી કરવામાં આવેલ જેથી ત્યાંથી ચોરીછુપીથી નીકળી ફરતા-ફરતા આશરે અઢી મહિના પહેલા નાજ ગામની સીમમાં રહેવા આવેલનું જણાવેલ તેમજ તમામ પાસે ભારતીય નાગરીક તરીકેનો કોઈ આધાર પુરાવાઓ નહી હોવાનું જણાવતાં અને ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશથી અહીયાં આવેલ હોવાનું જણાવતાં ઈસમોને પકડી અસલાલી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# અમદાવાદ એરપોર્ટથી ૧૨ કરોડ રૂપિયાનો હાઈબ્રીડ ગાંજો ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી કસ્ટમ્સ અને સુરક્ષા એજન્સીઓએ બાતમીના આધારે એક મોટા ઈન્ટરનેશનલ ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કર્યો છે. એરપોર્ટ પર ચેકિંગ દરમિયાન અંદાજે ૧૨ કરોડ રૂપિયાની કિંમતનો નશીલો પદાર્થ ઝડપી પાડવામાં આવ્યો છે. આ સાથે જ ચાર શખસોની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, મલેશિયાથી ફ્લાઈટ મારફતે અમદાવાદ એરપોર્ટ ઉતરેલા અજય પાંડે, સંદીપ, રોની અને મનપ્રિતની હિલચાલ શંકાસ્પદ જણાતા એજન્સીઓએ તેને અટકાવ્યા હતા. તેની કડક તપાસ અને તેમના સામાનનું સ્કેનિંગ કરતા તેમાંથી આશરે ૧૨ કિલો ૪૦૦ ગ્રામ હાઈબ્રીડ ગાંજો મળી આવ્યો હતો. આ હાઈબ્રીડ ગાંજો વિદેશી માર્કેટમાં ખૂબ ઊંચી કિંમત ધરાવે છે અને ઈન્ટરનેશનલ બજારમાં તેની અંદાજિત કિંમત ૧૨ કરોડ રૂપિયા જેટલી આંકવામાં આવી રહી છે. સુરક્ષા એજન્સીઓએ ડ્રગ્સનો આ જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે,ઝડપાયેલા આરોપીઓ પૈકી એક વ્યક્તિ વડોદરાનો વતની છે, જ્યારે બાકીના ત્રણ આરોપીઓ પંજાબના જલંધરના રહેવાસી છે. આ ચારેય આરોપીઓ બેંગકોકથી વાયા કુઆલાલમ્પુર થઈને મલેશિયા એરલાઈન્સમાં આવ્યા હતા અને ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં તેની સપ્લાય કરવાની પેરવીમાં હતા. હાલમાં ઈન્ટરનેશનલ ડ્રગ્સ સિન્ડિકેટ સાથે તેના તાર ક્યાં જોડાયેલા છે તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે.

### વીડિયો વાઈરલ થતા એજન્ટ નરમ પડ્યો

# બેલારૂસમાં ફસાયેલી નવસારીની મહિલાની વતન પરત ફરી

**પહોંચ્યા બાદ તેમને મુખ્ય શહેર મિન્સ્કથી ૪૦૦ કિ.મી. દૂર એક પછાત ગામડામાં તબેલામાં કામ કરવા માટે મજબૂર કરવામાં આવ્યા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવસારી

વિદેશમાં સારી નોકરી અને ઉંચા પગારના સપના જોતી નવસારીની મહિલા બેલારૂસમાં ફસાઈ હતી.

વડોદરાના એજન્ટની છેતરપિંડીનો ભોગ બનેલી મીના જોશી નામની મહિલા આખરે સોશિયલ મીડિયા અને સામાજિક સંગઠનોની મદદથી સુરક્ષિત રીતે ભારત પરત ફરી છે. નવસારીના મીના જોશીને વડોદરાના એક એજન્ટે બેલારૂસમાં ફૂટ પેકિંગનું કામ હોવાની લાલચ આપી હતી. એજન્ટે વચન આપ્યું હતું કે તેને માસિક ૭૦થી ૮૦ હજાર રૂપિયા પગાર મળશે. આ આશાએ મીનાબહેને ૭થી ૮ લાખ રૂપિયાનું મોટું દેવું કરીને વિદેશ પ્રયાણ કર્યું. જોકે, ત્યાં પહોંચ્યા બાદ તેમને મુખ્ય શહેર મિન્સ્કથી ૪૦૦ કિ.મી. દૂર એક પછાત ગામડામાં તબેલામાં કામ કરવા માટે મજબૂર કરવામાં આવ્યા હતા. મુશ્કેલ પરિસ્થિતિમાં મીનાબહેને હિંમત ન હારી. જ્યારે રહેવા અને ખાવા-પીવાની વ્યવસ્થા કથળી ત્યારે તેમણે પોતાનું શોષણ દર્શાવતો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો.

મહિલાનો વીડિયો વાઈરલ થતાં જ તંત્ર, સામાજિક સંગઠનો અને બ્રહ્મસમાજ સહિતના લોકો મદદ માટે આગળ આવ્યા. સ્થાનિક લોકો અને ત્યાં રહેતા ભારતીયોએ પણ તેમને સહારો આપ્યો. ચારેબાજુથી દબાણ વધતાં, જે એજન્ટે તેમને વિદેશ મોકલ્યા હતા, તેને અંતે બેલારૂસથી ભારત પરત લાવવાની વ્યવસ્થા કરવી પડી. જ્યારે મીના જોશી નવસારી પોતાના ઘરે પહોંચ્યા ત્યારે પરિવારજનો સાથે મિલનના ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. લાંબા સમયના સંઘર્ષ બાદ પરત ફરેલી મહિલાએ હવે ન્યાયની લડત શરૂ કરી છે.

મહિલાએ એજન્ટ પાસે વિદેશ જવા માટે ખર્ચાયેલા ૭થી ૮ લાખ રૂપિયા પરત માંગ્યા છે. જો એજન્ટ પૈસા પરત નહીં કરે, તો તેની સામે છેતરપિંડી અને માનવ તસ્કરી અંગે પોલીસ ફરિયાદ કરવાની ચીમકી ઉચ્ચારી છે. આ ઘટના ફરી એકવાર ચેતવણી આપે છે કે વિદેશ જવા માટે અધિકૃત એજન્ટોની જ પસંદગી કરવી જોઈએ અને પૂરી તપાસ વિના લાખો રૂપિયાનું દેવું કરીને અજાણ્યા દેશમાં ન જવું જોઈએ.

### પુજારી ઉપરના માળે ગયા અને નીચે મુગટ ગાયબ

# જૈન દેરાસરમાં તસ્કરી, ભગવાનનો રૂ.૫૦ હજારનો ચાંદીનો મુગટની ચોરી

**આ મામલે દેરાસરના ટ્રસ્ટી સંજયભાઈએ ગંગાજળિયા પોલીસ મથકે અજાણ્યા ઈસમ વિરુદ્ધ વિધિવત ફરિયાદ નોંધાવી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર

ભાવનગર શહેરના હાર્દ સમાન એમ.જી. રોડ પર ચોરીની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે.

અહીં આવેલા વર્ષો જૂના જૈન દેરાસરમાંથી અજાણ્યો તસ્કર અજીતનાથ ભગવાનની મૂર્તિ પર બિરાજમાન કિંમતી ચાંદીનો મુગટ ચોરી કરી પલાયન થઈ ગયો છે. આ સમગ્ર ઘટના દેરાસરના સીસીટીવીકેમેરામાં કેદ થઈ ગઈ છે.

ઘટનાની વિગત મુજબ, એમ.જી. રોડ પર વૃંદાવન હોટલની સામે આવેલા જૈન દેરાસરમાં ગત ૨૩ જાન્યુઆરીના રોજ રાબેતા મુજબ ભક્તિભાવ સાથે પૂજા-અર્ચના ચાલી રહી હતી.

સવારના સમયે દેરાસરના પુજારી દર્શનાબેને પ્રથમ અજીતનાથ ભગવાનની પૂજા કરી હતી, તે સમયે મૂર્તિ પર ચાંદીનો મુગટ બિરાજમાન હતો.

ત્યારબાદ પુજારી ઉપરના માળે પાર્શ્વનાથ ભગવાનની પૂજા કરવા માટે ગયા હતા. આશરે સાડા અગિયાર વાગ્યાના સુમારે જ્યારે તેઓ પૂજા પૂર્ણ કરી નીચે આવ્યા, ત્યારે અજીતનાથ ભગવાનની મૂર્તિ પરથી મુગટ ગાયબ હોવાનું જણાતા તેઓ સ્તબ્ધ થઈ ગયા હતા. તેમણે તાત્કાલિક દેરાસરના ટ્રસ્ટી સંજયભાઈ ઠારને આ અંગે જાણ કરી હતી.

ચોરીની જાણ થતા જ દેરાસરના સીસીટીવી ફૂટેજ ચેક કરવામાં આવ્યા હતા. જેમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, પુજારીની ગેરહાજરીનો લાભ લઈ એક અજાણ્યો ઈસમ દેરાસરમાં પ્રવેશ કરે છે અને ભગવાનની મૂર્તિ પરથી અંદાજે રૂ. ૫૦,૦૦૦ ની કિંમતનો ચાંદીનો મુગટ ઉતારીને ગણતરીની સેકન્ડોમાં ફરાર થઈ જાય છે.

આ મામલે દેરાસરના ટ્રસ્ટી સંજયભાઈએ ગંગાજળિયા પોલીસ મથકે અજાણ્યા ઈસમ વિરુદ્ધ વિધિવત ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે ચોરીનો ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી છે.સીસીટીવી ફૂટેજના આધારે આરોપીના વર્ણન અને ભાગવાના રૂટની તપાસ શરૂ કરી છે.

### વલસાડના ધરમપુરનો લવ જેહાદ મુદ્દો

# ધરમપુરમાં સગીરાને ભગાડી જનાર વિધર્મી યુવક અને સગીરા મળી આવ્યો

**સમગ્ર પંથકમાં ભરેલા અગ્નિ જેવી સ્થિતિ જોવા મળી હતી આ સાથે ધરમપુર શહેરના લોકોમાં રોષનો માહોલ જોવા મળી રહ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)વલસાડ

વલસાડના ધરમપુરમાં લવ જેહાદ મામલે વિધર્મી યુવક અને સગીરા મળી આવ્યા છે, ધરમપુર પોલીસે બંનેની અટકાયત કરી સગીરાનું મેડિકલ કરાવ્યું છે અને વિધર્મી યુવકની ધરપકડ કરી પૂછપરછ હાથધરી છે. દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના ધરમપુર શહેરમાં લવ જેહાદનો કથિત કિસ્સો સામે આવતા સમગ્ર પંથકમાં ભરેલા અગ્નિ જેવી સ્થિતિ જોવા મળી હતી.આ સાથે ધરમપુર શહેરના લોકોમાં રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, એક વિધર્મી યુવક તેને ભગાડી ગયો છે. આ ઘટનાની જાણ થતાં જ સગીરાના પરિવારે તાત્કાલિક ધરમપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. દીકરીના ગુમ થવાને પગલે પરિવાર શોકમાં ગરકાવ છે અને સુરક્ષિત પરત લાવવા વિનંતી કરી રહ્યો હતો. ઘટનાની વાયુવેગે જાણ થતા જ સ્થાનિક હિન્દુ સંગઠનો મેદાનમાં આવ્યા છે. સંગઠનો દ્વારા આ ઘટનાને 'લવ જેહાદ' ગણાવીને ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતુ. હિન્દુ સંગઠનોએ પોલીસ પ્રશાસન સમક્ષ કડક માગ કરી હતી કે, આરોપી વિધર્મી યુવકને વહેલી તકે ઝડપી લેવામાં આવે અને સગીરાને હેમખેમ પરિવાર પાસે પહોંચાડવામાં આવે. ધરમપુર તાલુકામાં બનેલી આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લેતા વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલ, ધરમપુરના ધારાસભ્ય અને પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ અરવિંદભાઈ પટેલ, તથા જિલ્લા પ્રમુખ હેમંતભાઈ સહિતના અગ્રણીઓ તાત્કાલિક એક્શનમાં આવ્યા છે. આ તમામ નેતાઓએ જિલ્લા પોલીસ વડા (SP) સાથે સીધું સંકલન સાધીને સગીરાને સત્વરે શોધી કાઢવા અને ગુનેગાર સામે દાખલારૂપ પગલાં લેવા માટે પોલીસ સાથે વાત પણ કરી હતી.

### કરોડોના ખર્ચે તૈયાર થઈ આધુનિક સુવિધા

# સીઆર પાટીલના હસ્તે ચીખલી બસ સ્ટેન્ડનું લોકાર્પણ

**આધુનિક કેન્ટીન અને સ્ટોલ્સ અને સ્વચ્છ શૌચાલયની વ્યવસ્થા જેવી સવલતો ઉપલબ્ધ છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવસારી

દક્ષિણ ગુજરાતના મહત્વના જંકશન ગણાતા નવસારી જિલ્લાના ચીખલી ખાતે આજે લોકાર્પણનો ઉત્સવ ઉજવાયો હતો.

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલના વરદ હસ્તે ચીખલીના નવનિર્મિત અત્યાધુનિક એસ.ટી. બસ સ્ટેશનનું વિધિવત રીતે લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ નવા બસ સ્ટેશનના નિર્માણથી સ્થાનિકો અને મુસાફરોની લાંબા સમયની સુવિધાની માંગ પૂર્ણ થઈ છે.ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા આ બસ સ્ટેશન આશરે રૂપિયા ૩.૨૯ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે.

આ બસ સ્ટેન્ડમાં મુસાફરોની સુવિધા માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં આરામદાયક બેઠક વ્યવસ્થા, વિશાળ વેઈટિંગ હોલ, સ્વચ્છ પીવાના પાણીની સુવિધા, આધુનિક કેન્ટીન અને સ્ટોલ્સ અને સ્વચ્છ શૌચાલયની વ્યવસ્થા જેવી સવલતો ઉપલબ્ધ છે.લોકાર્પણ પ્રસંગે સીઆર પાટીલે જણાવ્યું હતું કે, સરકાર મુસાફરોની સુખાકારી માટે સતત પ્રયત્નશીલ છે. ચીખલી હાઈવે અને આસપાસના ગામોને જોડતું મુખ્ય કેન્દ્ર હોવાથી અહીં દરરોજ હજારો મુસાફરોની અવરજવર રહે છે.

આ નવું બસ સ્ટેશન ચીખલીના વિકાસમાં નવું છોગું ઉમેરશે. આ પ્રસંગે ધારાસભ્યો, સ્થાનિક અગ્રણીઓ અને મોટી સંખ્યામાં નગરજનો હાજર રહ્યા હતા.

# હડાદના મંડાલીમાં રખડતા શ્વાને યુવક પર હુમલો કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

ગુજરાતમાં રખડતા શ્વાનને લઈને તંત્ર બેદરકાર જોવા મળી રહ્યું છે. બનાસકાંઠામાં રખડતા શ્વાનનો આતંક સામે આવ્યો છે. હડાદના મંડાલી ગામમાં શ્વાને એક યુવક પર હુમલો કર્યો હતો.

રસ્તા પર પસાર થતાં યુવક પર શ્વાને હુમલો કરી બચકાં ભર્યા હતાં. યુવક દોડવા જતાં જમીન પર પટકાયો હતો. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યાં છે.બનાસકાંઠાના હડાદના મંડાલી ગામમાં આજે સવારે રસ્તે પસાર થતાં એક યુવક પર રખડતા શ્વાને હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી હતી. ભોગ બનનાર વ્યક્તિ શ્વાનથી બચવા જતાં જમીન પર પટકાયો હતો.

જોકે સદનસીબે તેને કોઈ ઈજા પહોંચી નથી. જિલ્લામાં દિન પ્રતિદિન રખડતા શ્વાનના હુમલા વધી રહ્યાં છે. નાના બાળકો અને વૃદ્ધો સહિતના લોકોમાં શ્વનના હુમલાની ઘટનાઓથી ભય ફેલાયો છે.

### થરાદમાં ૭૦ કરોડના જિલ્લા સેવા સદનનું ભૂમિપૂજન

# ૭૭મા પ્રજાસત્તાક પર્વ પર નવા જિલ્લામાં રાજ્ય સ્તરે ઉજવણી

**રાજ્ય સરકાર દ્વારા આ અભિગમને આગળ ધપાવતા નવ સર્જિત વાવ-થરાદ જિલ્લામાં આ આધુનિક સેવા સદનનું નિર્માણ કરવામાં આવશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)વાવ-થરાદ

નવ સર્જિત વાવ-થરાદ જિલ્લાને આગામી દિવસોમાં નવું અદ્યતન જિલ્લા સેવા સદન મળશે. આ નવું નિર્માણ થનારું સેવા સદન જિલ્લાના સર્વાંગી વિકાસ ને નવી દિશા આપશે.૭૭માં પ્રજાસત્તાક પર્વની રાજ્ય કક્ષાની ઉજવણીના પ્રથમવાર યજમાન બનેલા વાવ-થરાદ જિલ્લામાં આ મહત્વપૂર્ણ વિકાસ કામનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ થરાદ ખાતે અંદાજે રૂપિયા ૭૦ કરોડના ખર્ચે ૩૯ એકરના વિસ્તારમાં નિર્માણ થનારા જિલ્લા સેવા સદનનું ભૂમિ પૂજન અને તકતી અનાવરણ સંપન્ન કર્યું હતું. આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી તથા રાજ્યમંત્રી સ્વરૂપજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુશાસનના દ્રષ્ટિકોણ અનુસાર નાગરિકોને તમામ સરકારી સેવાઓ એક જ સ્થળેથી સરળતાથી ઉપલબ્ધ થાય તે હેતુથી જિલ્લા મથકોએ જિલ્લા સેવા સદનના નિર્માણનો અભિગમ અપનાવવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા આ અભિગમને આગળ ધપાવતા નવ સર્જિત વાવ-થરાદ જિલ્લામાં આ આધુનિક સેવા સદનનું નિર્માણ કરવામાં આવશે.

આ નવા જિલ્લા સેવા સદનમાં જિલ્લા કલેક્ટર કચેરી સહિત રાજ્ય સરકારના વિવિધ વિભાગોની ૩૦ થી વધુ જિલ્લા સ્તરીય કચેરીઓ કાર્યરત કરવામાં આવશે. તેના પરિણામે જિલ્લાના નાગરિકોને એક જ સ્થળેથી સરકારના વિવિધ વિભાગોની સેવાઓ સરળતાએ પ્રાપ્ત થશે અને તેમના સમય અને સંસાધનોની બચત થશે તેમજ વહીવટી કાર્યક્ષમતામાં વધારો થશે.

વાવ-થરાદ જિલ્લાના આ સેવા સદનનું નિર્માણ ગ્રીન બિલ્ડિંગના ધોરણે કરવામાં આવશે. તેમાં સોલાર રૂફ ટોપ, વરસાદી પાણીના સંચયની વ્યવસ્થા, વિશાળ મિટિંગ હોલ, અદ્યતન લિફ્ટ તથા બેઝમેન્ટ પાર્કિંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ રહેશે.

આ પ્રસંગે દિયોદર ધારાસભ્ય કેશાજી ચૌહાણ, જિલ્લા પ્રભારી સચિવ નાગરાજન, જિલ્લા કલેક્ટર જે.એસ. પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, માર્ગ અને મકાન સચિવ પી આર પટેલીયા, ખાસ સચિવ જે એ ગાંધી, અધિક્ષક ઈજનેર એલ ડી ચૌધરી, કાર્યપાલક ઈજનેર તેજસ માંગુકિયા સહિત અન્ય પદાધિકારીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા

### ગુજરાતના સૌથી ઊંચા રાષ્ટ્રધ્વજનું લોકાર્પણ

# કોસંબામાં દક્ષિણ ગુજરાતનો સૌથી ઊંચો તિરંગો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત જિલ્લાના કોસંબા વિસ્તારમાં આજે દેશભક્તિનો અનેરો માહોલ જોવા મળ્યો હતો. અહીં આવેલી પ્રસિદ્ધ પીપી સવાણી યુનિવર્સિટી ખાતે દક્ષિણ ગુજરાતના સૌથી ઊંચા રાષ્ટ્રધ્વજનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. પીપી સવાણી યુનિવર્સિટીના પ્રાંગણમાં ૪૫ મીટર એટલે કે અંદાજે ૧૪૭ ફૂટની ઊંચાઈ ધરાવતો ગગનચુંબી તિરંગો લહેરાવવામાં આવ્યો હતો.

આ ભવ્ય કાર્યક્રમમાં રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા અને તેમના હસ્તે જ વિધિવત રીતે ધ્વજારોહણ કરી સલામી આપવામાં આવી હતી. આ ગૌરવશાળી પ્રસંગે મંત્રીની સાથે અન્ય મહાનુભાવો ઈશ્વરસિંહ પરમાર (પૂર્વ મંત્રી) ગણપતભાઈ વસાવા (પૂર્વ મંત્રી) તથા અન્ય સ્થાનિક અગ્રણીઓ અને યુનિવર્સિટીનો સ્ટાફ હાજર રહ્યો હતો. આ તિરંગો હવે દક્ષિણ ગુજરાત માટે આકર્ષણનું કેન્દ્ર બનવાની સાથે સાથે યુવાનોમાં રાષ્ટ્રપ્રેમની જ્યોત જલાવવાનું કામ કરશે. હર્ષ સંઘવીએ સંબોધન કરતા જણાવ્યું હતું કે યુનિવર્સિટી કેમ્પસમાં વિદ્યાર્થીઓ કોઈપણ પ્રકારના ડ્રગ્સના વ્યસનમાં ફસાવવું નહીં, સાથે જ તેઓના કોઈપણ મિત્ર જો ફસાયા હોય તો તેની પોલીસને જાણ કરવી. જેથી પોલીસ કોઈપણ પ્રકારનો ગુનો દાખલ કરશે નહીં અને તેમના માટે શક્ય મદદ કરશે. ૭૭માં પ્રજાસત્તાક પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી નવા રચાયેલા વાવ-થરાદ જિલ્લામાં થવાની છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી વાવ-થરાદ જિલ્લામાં મલુપુર ખાતે નવી કોર્ટની સામેના હેલીપેડ ગ્રાઉન્ડમાં પ્રજાસત્તાક પર્વે સવારે ૯ કલાકે રાષ્ટ્રધ્વજ લહેરાવીને ધ્વજવંદન કરાવશે, તેમજ પરેડ માર્ચ પાસ્ટની સલામી ઝીલશે. રાજ્યકક્ષાની ઉજવણી અવસરે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા પોલીસ દળ દ્વારા વિવિધ નિદર્શનો પણ પ્રસ્તુત કરાશે. આ રાષ્ટ્રીય પર્વની રાજ્યના વિવિધ જિલ્લાઓના તાલુકા મથકોએ જે ઉજવણી થશે, તેમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અમદાવાદમાં મકરબા ખાતે ધ્વજવંદન કરાવશે.

# ૧૫ વર્ષીય સગીરાએ ઝાડ પર લટકી જીવન ટૂંકાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના કેરાળા GIDC વિસ્તારમાંથી એક અત્યંત કરૂણ અને હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. કેરાળા જીઆઈડીસીમાં ૧૫ વર્ષની એક સગીરાએ ગળાફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. આ સગીરાએ કેમ આત્મહત્યા કરી તેનું કારણ અકબંધ છે.

ઘટનાની મળતી માહિતી અનુસાર, કેરાળા GIDC વિસ્તારમાં રહેતી સગીરાએ અગમ્ય કારણોસર ઘર નજીક આવેલા એક ઝાડ પર લટકીને ગળાફાંસો ખાઈ લીધો હતો. આ ઘટનાની જાણ આસપાસના લોકોને થતા જ લોકટોળા ઉમટી પડ્યા હતા. સગીરાએ આવું આત્યંતિક પગલું શા માટે ભર્યું તે અંગે હજુ સુધી કોઈ ચોક્કસ માહિતી સામે આવી નથી.

ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહને ઝાડ પરથી નીચે ઉતારી, કાયદેસરની કાર્યવાહી કરી પોસ્ટ મોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યો છે. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી સગીરાના પરિવારજનો અને આસપાસના લોકોના નિવેદન લેવાની તજવીજ હાથ ધરી છે. એક નાની ઉંમરની બાળકીએ મોતના માર્ગે જવાનું પસંદ કરતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. પોલીસ તપાસ બાદ જ આત્મહત્યા પાછળનું સાચું કારણ બહાર આવશે. આ સાથે સગીરા સાથે કોઈ અનિચ્છનીય બનાવ બન્યો છે કે, કેમ તે દિશામાં પણ તપાસ કરવામાં આવી રહી છે.

### સાંજે ઓફિસેથી ઘરે ન પહોંચતા ભાંડો ફૂટ્યો

# લોન વિવાદમાં યુવાનનું અપહરણ કરી ૬૦ લાખ મંગાયા

**જૂનાગઢ પોલીસની સતર્કતા અને એલસીબીની ટીમોનો પીછો જોઈ અપહરણકારો યુવકને જામનગર નજીક મુક્ત કરી નાસી છૂટ્યા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

જૂનાગઢ શહેરના જયશ્રી રોડ પર ઓફિસ ધરાવતા કંપની સેક્રેટરી (CS) મિલન ચૌહાણનું લોનના વિવાદમાં અપહરણ થતા ચકચાર મચી ગઈ છે. અપહરણકારોએ યુવકને છોડવાના બદલામાં ૬૦ લાખ રૂપિયાની ખંડણી માંગી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

જોકે, જૂનાગઢ પોલીસની સતર્કતા અને એલસીબીની ટીમોનો પીછો જોઈ અપહરણકારો યુવકને જામનગર નજીક મુક્ત કરી નાસી છૂટ્યા હતા.

મળતી માહિતી અનુસાર, જૂનાગઢના ઝાંઝરડા ચોકડી પાસે રહેતા મિલન ચૌહાણ ગત રાત્રે ૮ વાગ્યા સુધી ઘરે ન પહોંચતા અને તેમનો મોબાઈલ બંધ આવતા પરિવાર ચિંતામાં મુકાયો હતો. મિલનભાઈના સાળા યશ મારૂએ ઓફિસ તેમજ અન્ય સ્થળોએ તપાસ કરી હતી પરંતુ કોઈ પત્તો મળ્યો ન હતો.

મોડી રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ મિલનભાઈના ફોન પરથી જ તેના સાળાને ફોન આવ્યો હતો. જેમાં મિલનભાઈએ ગભરાયેલા અવાજે જણાવ્યું હતું કે, 'જય ઓડેદરા નામનો શખસ મને ઉપાડી ગયો છે, કાલે બપોરે ૧૧ વાગ્યા સુધીમાં ૬૦ લાખ રૂપિયા તૈયાર રાખજે અને પોલીસને જાણ કરતો નહીં.' ત્યારબાદ અન્ય એક શખસે ફોન ઝૂંટવી લઈને લોનનો મામલો પતાવી દેવા અથવા મિલનભાઈને પતાવી દેવાની ધમકી આપી હતી.ઘટનાની જાણ થતા જ બી-ડિવિઝન અને એલસીબી (LCB) પોલીસની ટીમો હરકતમાં આવી હતી. સીસીટીવી ફૂટેજ તપાસતા અપહરણકારો મિલનભાઈને લઈને જામનગર તરફ ગયા હોવાનું જણાયું હતું. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી ઘેરો વધારતા અપહરણકારો ગભરાઈ ગયા હતા. પકડાઈ જવાની બીકે તેઓ મિલનભાઈને જામનગરના જામનગર નજીક મુક્ત કરી અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા હતા. આ અંગે યશ મારૂએ જય ઓડેદરા સહિતનાઓ સામે ફરિયાદ નોંધાવી છે. આ અંગે બી ડીવીઝન પીઆઈ જે.જે. પટેલે જણાવ્યું હતું કે, મિલન ચૌહાણનું અપહરણ કરનારાઓ તેને ભ્રમનગર નજીક મુક્ત કરી નાસી ગયા છે જેને પકડવા તપાસ ચાલી રહી છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

હર ઘર સ્વદેશી
ઘર-ઘર સ્વદેશી



૭૭ મું
પ્રજાસત્તાક પર્વ
રાજ્ય મહોત્સવ
૨૬ જાન્યુઆરી, ૨૦૨૬
વાવ-થરાદ



## સુશાસનના સંકલ્પ સાથે... જનકલ્યાણના સેવા યજ્ઞ માટે... સમર્પિત અને સતત કાર્યશીલ સરકાર...

અમે, માનનીય વડાપ્રધાન

**શ્રી નરેન્દ્ર મોદી**ના

**'વિકસિત ભારત' ના સ્વપ્નને** સાકાર કરી દેશની લોકશાહીને વધુ ઉન્નત બનાવવાનો સંકલ્પ કરીએ છીએ

**૭૭મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે રાજ્ય મહોત્સવમાં**

માનનીય રાજ્યપાલ

**શ્રી આચાર્ય દેવવ્રત**ના

વરદ્‌હસ્તે

# ધ્વજવંદન સમારોહ

તારીખ: ૨૬ જાન્યુઆરી ૨૦૨૬, સોમવાર | સવારે ૯:૦૦ વાગે
સ્થળ: હેલિપેડ ગ્રાઉન્ડ, નવી કોર્ટ સામે, મલુપુર, તા. થરાદ, જિ. વાવ-થરાદ

**પ્રેરક ઉપસ્થિતિ**

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી શંકરભાઈ ચૌધરી**
માનનીય અધ્યક્ષ, ગુજરાત વિધાનસભા

- VGRC-કચ્છ-સૌરાષ્ટ્ર રીજનલ સમિટ રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે સીમાચિહ્નરૂપ સાબિત થઈ
- રાજ્યના ૨૫ હજારથી વધુ સ્વ-સહાય જૂથોની ૨.૫ લાખથી વધુ મહિલાઓને ₹૪૫૦ કરોડની સહાય અર્પણ
- થેલેસેમિયા નાબૂદી માટે ગુજરાત બન્યું રોલમૉડલ, ગુજરાતમાં કુલ ૧૫.૫૦ લાખથી વધુ નાગરિકોના થેલેસેમિયા ટેસ્ટ કરાયા
- ભક્તિમય માહોલ સાથે 'સોમનાથ સ્વાભિમાન પર્વ'નું ઐતિહાસિક આયોજન
- રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડથી દૈનિક ૩૨૦ કરોડ લિટર પાણીનું વિતરણ
- સાણંદમાં એન્ડ ટુ એન્ડ OSAT ફૅસિલિટીનો પ્રારંભ
- ગુજરાત નેશનલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં પાંચમી વખત 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ' બન્યું
- ટ્રાઇબલ જિનોમ સિક્વન્સિસનો પ્રોજેક્ટ લૉન્ચ કરવામાં ગુજરાત અગ્રેસર

**આવો, આપણે સૌ સ્વર્ણિમ ભારતના વારસા અને વિકાસનું ગૌરવ લઈએ, બંધુત્વ અને સમાનતાની ભાવનાને વધુ મજબૂત બનાવીએ**

> "પ્રજાસત્તાક પર્વે, આવો આપણે સૌ સાથે મળીને લોકશાહીના મૂલ્યોને વધુ સુદ્રઢ બનાવીએ. 'હર ઘર સ્વદેશી' ના મંત્રને જીવનમાં ઉતારીને 'વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત @૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવા કટિબદ્ધ બનીએ."

**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

વોકલ ફોર લોકલ

કાર્યક્રમનું જીવંત પ્રસારણ : CMOGujarat | CMOGujarat | CMOGujarat | CMOGujarat